બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ની જોગવાઇઓ મુજબ શાળા કક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતિ (School Management Committee)ની રચના કરવા બાબત..

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૨૯૫-૨૪૨૫-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૨/૦૮/૨૦૧૧.

વંચાણેલીધાઃ-

(૧) શિક્ષણ વિભાગના તા.૨૨-૩-૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૨૯૫-૨૪૨૫-ક.
(૨) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન મિશન, ગાંધીનગરના તા.૨૫-૫-૨૦૧૧ના પત્ર ક્રમાંકઃએસએસએ/કોમ્યુનીટી/(એસએમસી ઠરાવ)/૨૦૧૧/૧૮૯૮૪.

સુધારા ઠરાવઃ-

વંચાણમાં લીધેલ ક્રમાંક (૧)માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૨૨-૩-૨૦૧૧ના ઠરાવથી પ્રાથમિક શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવામાં આવેલ છે.

સદરહુ ઠરાવમાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના માટેના માળખાના પારા-૧(૩)ના (ખ) અને (ઘ) માં તેમજ પારા-૧(૫)માં જે જોગવાઇઓ છે તેના બદલે નીચે મુજબની જોગવાઇઓ વાંચવી.

૧(૩) ખ. એક સભ્ય શાળાના શિક્ષકોમાંથી શિક્ષકો નકકી કરે તે શ્રેયાન શિક્ષક. આચાર્યશ્રીની ગેરહાજરીમાં તે શિક્ષકે સભ્ય સચિવશ્રી તરીકેની કામગીરી બજાવવાની રહેશે

ઘ. સ્થાનિક કડીયો (ગામમાં કડીયો ન હોય તો બાજુના ગામનો કડીયો) (આ સભ્યની નિયુકિત શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષશ્રીએ કરવાની રહેશે). કડીયાએ કો ઓપ્ટેડ મેમ્બર તરીકે કામગીરી બજાવવાની રહેશે. તેમને મતદાન કરવાનો હકક રહેશે નહીં.

૧(૫) શાળા વ્યવસ્થાપન સમિતિની મીટીંગ દરેક ત્રણ માસમાં ઓછામાં ઓછી એક વખત બોલાવવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર.

23/8
O.C. Tribal.
336
23/8/11

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર ધ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.